
Surat Municipal Corporation
e-Magazine
Issue 2
May 20, 2005



## શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫: રાજય સરકારના જુદા જુદા વિભાગો સાથે સંકલન મીટીંગ

માન. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ નીમીત્તે રાજય સરકારશ્રીના જુદા જુદા વિભાગો સાથે એક સંકલન મીટીંગનું આયોજન તા.: ૧૭ / ૫ / ૨૦૦૫ ના રોજ મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિનની ઉજવણી

"શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫" ની ઉજવણીના ભાગરૂપે સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિન નિમિત્તે તા.૧૫–૦૫–૨૦૦૫ના રોજ રવિવારે સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ–મેગેઝીનની વિમોચન વિધિ, સેન્ટ્રલઝોન વિસ્તારમાં રામપુરા ખાતે વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ ....

વધુ માટે કલીક કરો >>>>>>





## શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫: શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા

ગુજરાત સરકાર ઘોષિત " શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ " ઉજવણી સંદર્ભે આયોજીત શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા કરવા અર્થે મા.મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને તા.૧૭/૦૫/૨૦૦૫ ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતનો કિલ્લો

સુરતનો પ્રસિધ્ધ કિલ્લો હાલમાં ચોકબજાર વિસ્તારમાં તાપી નદીના કાંઠે આવેલો છે. તે ઈ.સ. ૧૫૪૦–૪૧ માં બંધાયો હતો. કિલ્લો એ વખતના સુરતના નાઝિમ ખ્વાજા સફર સલમાની, જેનો ખિતાબ ખુદાવંદખાન હતો, તેણે ગુજરાતી સલ્તનતના સુલતાન મહમૂદ–૩ (ઈ.સ.૧૫૩૮–૧૫૫૪) ના સમયમાં ફિરંગીઓથી સ્થાનિક વસ્તીના ...

વધુ માટે કલીક કરો >>>>>>





## સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાનનાં ૫૦ માં વર્ષમાં પ્રવેશ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન ઐતિહાસિક મહાનગર સુરતમાં ચોક બજાર મુકામે આવેલું છે. જે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫: રાજય સરકારના જુદા જુદા વિભાગો સાથે સંકલન મીટીંગ

માન. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ નીમીત્તે રાજય સરકારશ્રીના જુદા જુદા વિભાગો સાથે એક સંકલન મીટીગનું આયોજન તા.: ૧૭ / ૫ / ૨૦૦૫ ના રોજ મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ. શહેરી વિકાસ વર્ષમાં સરકારના આ જુદા જુદા વિભાગો શું કરવા માંગે છે અને મહાનગરપાલિકા સાથે તેનું સંકલન કરી શકાય, જે અંગેના એકશન પ્લાનની એક વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ મીટીંગમાં માન. મેયરશ્રી, ડે. મેયરશ્રી અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, વિરોધ પક્ષના નેતાશ્રી, મે. કમિશ્નરશ્રી તમામ વિભાગીય વડાઓશ્રી તથા તમામ ખાતાકીય વડાઓ હાજર રહેલ. તેમજ ગુજરાત પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ, BSNL, Torrent SE Co. વિગેરેના પ્રતિનિધિઓ તથા હોદ્દારો હાજર રહેલ. આ મીટીંગનું સંચાલન નોડલ ઓફિસર ફોર યુટીલીટી કો ઓર્ડીનેશન તથા કાર્યપાલક ઈજનેરશ્રી નીતીન જી. વૈધએ કરેલ. આ મીટીંગમાં શરૂઆતે વાય બ્રન્ટ ગુજરાત અને શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ ની સી.ડી. બતાવવામાં આવેલ. ત્યાર બાદ શહેરના વિકાસ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ જેના મુદ્દા નીચે મુજબ છે.




- સુરત શહેરનાં જૂના વાહનો છે તે અંગે કડક નિયમો ઘડી કાઢવા, વાહનોને રીન્યુ નહીં કરવા અને નવી Policy ઘડી કાઢવી.
- જુદા જુદા બસસ્ટેન્ડ છે તેને Improve કરવા એનો બાહય દેખાવ વ્યવસ્થિત કરી સુધારવો અને તે અંગે જે કાંઈ સહકાર જોઈએ તે મહાનગપાલિકા પુરો પાડશે.
- પર્યાવરણ માટે State level એ એક taskforce ઉભો કરવો એ અંગેની જુદી જુદી માટે સત્તાઓ ટાસ્ક ફોર્સને આપવી જુના પુરાણા વાહનો છે તેને Scrap કરવા અને અમુક વર્ષ પછી Heavy tax લાદવો. Bye pass અને Transit Way of Trucks અંગે નીતી નકકી કરવી
- પબ્લીક Transport, રીક્ષા, છકડા, નાની મોટી બસોને CNG માટે ફરજ પાડવી
- Bio mass બાળી નાંખવામા આવે છે જે બાળવાનું બંધ કરવું
- GSRTC, Torrent, BSNL નાં મોટા પ્રીમાઈસીસ છે તેમા huge level પર Plantation કરવું.
- બી.એસ.એન.એલ. બ્રોડ બેન્ડ સ્થાપીત કરે તથા તેની વેવલેન્થ – ફ્રીકવન્સી વધારે આ કંપની શહેરને થાંભલા વગરનું શહેર એટલે કે, પોલ લેસ સીટી બનાવવા માંગે છે તથા કોઈપણ બીલ્ડીંગની અંદર એકજ PABX સીસ્ટમની નવી ટેકનોલોજી ડેવલપ કરી રહયા છે અને તે ટુંક સમયમાં શરૂ થવાની તૈયારી છે.



- આપણા શહેરની અંદર કુલ ૧૪ સીવીક સેન્ટરો છે જે પૈકીના ચારથી પાંચ સેન્ટર પર Common Integrated Center for Tax / Bill Collection ઉભા કરવા અંગે સૂચન થયુ .
- ટોરેન્ટ પાવર કાં. ૬૦ કિ.વોટનું સ્ટેશન તથા ૧૨૫ સબ સ્ટેશન ચાલુ વર્ષમાં નવા ઉભા કરવા જણાવ્યું જેને લીધે પાવરની કવોલીટી અને રીલાય બીલીટી વધશે.
- ટેલીફોન ખાતાના રોડ પર આવેલ કેબીનેટ પીલર કાઢી નાંખવા જણાવેલ જે કાઢી નાંખવાથી રસ્તાઓ પહોળા થશે વાહન વ્યવહારની સુવિધા વધશે. ટેલીફોનના ચેમ્બર્સ રોડ લેવલે કરવા જણાવવામાં આવ્યું.

TOP

## સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિનની ઉજવણી

"શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫" ની ઉજવણીના ભાગરૂપે સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિન નિમિત્તે તા.૧૫–૦૫–૨૦૦૫ના રોજ રવિવારે સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ–મેગેઝીનની વિમોચન વિધિ, સેન્ટ્રલઝોન વિસ્તારમાં રામપુરા ખાતે વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ તથા રાંદેરઝોન વિસ્તારમાં પાલનપુર જકાતનાકા પાસે શાકમાર્કેટની ખાતમુહૂર્તવિધિ મેયર શ્રીમક્ષતિ સ્નેહલતાબેન ચૌહાણના વરદહસ્તે કરવામાં આવેલ.



"શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫" ની ઉજવણીના ભાગરૂપે સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિન નિમિત્તે તા.૧૫–૦૫–૨૦૦૫ના રોજ રવિવારે સુરત મહાનગરપાલિકાએ ઈ–મેગેઝીન શરૂ કરેલ છે. જાહેર જનતાને ઈ–મેગેઝીન સબસ્ક્રાઈબ કરવા નીચે જણાવેલ ૩ (ત્રણ) પૈકી કોઈ પણ એક એડ્રેસ પર પોતાનું ઈ–મેઈલ એડ્રેસ આપી રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

૧. વેબ સાઈટ : www.suratmunicipal.org

૨. હેલ્પ લાઈન નં. : ૧૨૬૬૧ પર ફોન કરવાનો રહેશે

૩. ઈ–મેઈલ એડ્રેસ : help line_ad1@sancharnet.in

સુરત મહાનગરપાલિકાના ધ્વારા સેન્ટ્રલઝોન વિસ્તારમાં રામપુરા ખાતે વોર્ડ નં. ૭, નોંધ નં. ૨૨૨૯ વાળી જગ્યામાં રૂા. ૫.૨૧ લાખના ખર્ચે તૈયાર થયેલ વાંચનાલય શહેરીજનોને અર્પણ કરવામાં આવેલ જેમાં ભોયતળીયે ત્રણ દુકાનો તથા પ્રથમ માળે ૪૦ ચો.મી. ક્ષેત્રફળ વાળી ૨૦ વાંચકોની ક્ષમતા ધરાવતું વાંચનાલય શરૂ કરવામાં આવેલ છે. આ બિલ્ડીંગનું કુલ ક્ષેત્રફળ ૧૪૪૭ ચો.ફુટ છે.



રાંદેર ઝોન વિસ્તારમાં ટી. પી. ૧૩, ફા. પ્લોટ નં.૨૨૮, પાલનપુર જકાતનાકા પાસે, વૃંદાવન સોસાયટી પાસે, અંદાજીત રૂા. ૧૮.૭૭ લાખના ખર્ચે નિર્માણ થનાર શાકભાજી માર્કેટ ચાર માસના ટુંકા ગાળામાં તૈયાર કરી શહેરીજનોને અર્પણ કરવામાં આવશે. આ માર્કેટમાં ૧.૮૧ × ૨.૧૦ મી. સાઈઝના ૧૩૦ સ્ટોલ તૈયાર થશે. જેમાં જી.આઈ.સીટનું રૂફીંગ, સી.સી. રસ્તા, ટોયલેટ બ્લોકની તથા પાર્કીંગની સુવિધા સાથેની શાકભાજી માર્કેટ ઉપલબ્ધ થશે. જેનો લાભ આ વિસ્તારની અંદાજીત ૪૦ હજાર લાભાર્થીઓ લઈ શકશે.


આ પ્રસંગે ડે.મેયરશ્રી ધીરૂભાઈ સવાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ નાયક, શાસકપક્ષના નેતાશ્રી પૂર્ણેશભાઈ મોદી,કમિશનર શ્રી પંકજ જોષી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તેમજ આ વિસ્તારના સભ્યશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫: શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા

ગુજરાત સરકાર ઘોષિત **" શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ "** ઉજવણી સંદર્ભે આયોજીત શૈક્ષણિક કાર્યક્રમોની સમીક્ષા કરવા અર્થે મા.મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને તા.૧૭/૦૫/૨૦૦૫ ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા.ડે.મેયરશ્રી ધીરૂભાઈ સવાણી, મા.ચેરમેન(સ્થાયી સમિતિ) શ્રી પ્રવિણચંદ્ર નાયક, વિરોધપક્ષ નેતા, શ્રી બાબુભાઈ રાયકા, કમિશનર શ્રી પંકજ જોષી, આઈ.એ.એસ., અધ્યક્ષ શ્રી આર. એમ. દેસાઈ (ન.પ્રા.શિ.સમિતિ), ઉપાધ્યક્ષ શ્રી કે.એસ.રાઠોડ, ડે.કમિશનર(જનરલ) શ્રી કે. સી. મહેતા, ડે.કમિશન (હે.અને હો.) ર્ડા. આઈ.સી. પટેલ, આસી.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટ, આસી.કમિશનર(પ.અને ઈ.) શ્રી સી.જે. ગામીત, શાસનાધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) શ્રી મહેશભાઈ શર્મા, આરોગ્ય અધિકારી ર્ડા. હેમંતભાઈ દેસાઈ, જિલ્લા શિક્ષણ અધિકારી વિભાગના પ્રતિનીધિ તથા નિયામક(સુમન સેલ) શ્રી પી.આઈ.શુકલ હાજર રહયા હતા.

**જેમાં નીચે મુજબ મૌલિક સૂચનો કરવામાં આવ્યા હતા.**

- શાળાના બાળકોને શિક્ષણ સાથોસાથ સામાજીક ક્ષેત્રે પણ જાણકારી મેળવે તેવા પોગ્રામ તથા શહેર વિશે જાણકારી આપતા કાર્યક્રમોનું આયોજન કરવું.
- શાળાના બાળકોને " સુરત દર્શન " માટેનું આયોજન કરવું.
- રોજબરોજના જીવનમાં ઉપયોગમાં આવતી બેન્કીગ, રેલ્વે, પોસ્ટલ જેવી સુવિધાઓના ઉપયોગ / કાર્યવાહીની જાણકારી આપવી.
- શહેરને હરીયાળુ બનાવી પ્રદુષણ મુકત કરવા અંગે બાળકો/વાલીઓને જાણકારી આપવી તેઓને સહયોગી બનાવી તેમના ધ્વારા વૃક્ષારોપણ કરાવી તેનું જતન પોતાના ધ્વારા કરવામાં આવે તે મુજબનું આયોજન કરવું.



- પ્રત્યેક સ્કુલના કોમન વપરાશી વિસ્તારમાં રાષ્ટ્રીય મહાનુભાવોના ચિત્રો દોરાવી તે સાથે તેઓના જીવનશૈલીની માહિતી આપતી ટૂંકનોંધ મુકાવવી.
- વાલી તથા શિક્ષકોનો સહયોગ મેળવી શહેરના સ્થળો, મહાનગરપાલિકાના મુખ્ય સ્મારક વિગેરેના મોડલ તૈયાર કરાવી પ્રદર્શિત કરાવવા આયોજન કરવું.
- શાળાઓમાં નિબંધ સ્પર્ધા યોજી સારા નિબંધો સુરત મહાનગરપાલિકાના ન્યુઝ મેગેઝીનમાં પ્રસિધ્ધ કરવા આયોજન કરવું.
- શિક્ષકોને " કર્મયોગી તાલીમ" આપવાનું આયોજન કરવું.
- દરેક ઝોનમાં એક આદર્શ શાળાનું આયોજન કરવું.
- સુરત શહેરના ઈતિહાસ / માહિતી દર્શાવતી ' સી.ડી' તૈયાર કરાવી વિધાર્થીઓને દર્શાવવી.
- વર્ષ દરમ્યાન કરવાના પ્રોગ્રામોની માહિતી દર્શાવતુ ' કેલેન્ડર' તૈયાર કરવું.
- કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટરનું આયોજન કરવું.
- શાળાઓમાં ઈન્ટરનેટ સીસ્ટમની સુવિધા આપી તેની જાણકારી આપવી.
- શાળા બિલ્ડીંગોમાં વોટરહાર્વેસ્ટીંગની અમલવારી કરાવવી.


આ ઉપરાંત સામાન્ય રીતે પ્રતિવર્ષ કરવામાં આવતા આયોજનો / પ્રોગ્રામો ઉપરાંત શહેરી વિકાસ વર્ષ તરીકેની ઉજવણીને લક્ષમાં લઈ અન્ય પણ વિશેષ કાર્યક્રમનું આયોજન કરી તે અંગે સક્ષમ સત્તાધીશી સાથે સંકલન કરી કાર્યવાહી પૂર્ણ કરવા અધ્યક્ષ સ્થાનેથી મા.મેયરશ્રી તરફથી તમામને અનુરોધ કરવામાં આવ્યો.

TOP

## સુરતનો કિલ્લો

સુરતનો પ્રસિધ્ધ કિલ્લો હાલમાં ચોકબજાર વિસ્તારમાં તાપી નદીના કાંઠે આવેલો છે. તે ઈ.સ. ૧૫૪૦–૪૧ માં બંધાયો હતો. કિલ્લો એ વખતના સુરતના નાઝિમ ખ્વાજા સફર સલમાની, જેનો ખિતાબ ખુદાવંદખાન હતો, તેણે ગુજરાતી સલ્તનતના સુલતાન મહમૂદ–૩ (ઈ.સ.૧૫૩૮–૧૫૫૪) ના સમયમાં ફિરંગીઓથી સ્થાનિક વસ્તીના સંરક્ષણના હેતુથી બંધાવ્યો હતો. ખુદાવંદખાન દીવમાં ફિરંગીઓ સાથેની લડાઈમાં તા. ૨૪–૦૬–૧૫૬૪ને દિવસે મૃત્યુ પામેલો, જેને સુરતમાં દફનાવાયો હતો. એનો રોજો મુલ્લાંચોક વિસ્તારમાં આવેલો છે.

કિલ્લો ચોરસ આકારમાં સમચોરસ બંધાયો નહોતો. એની પશ્ચિમ બાજુની લંબાઈ સૌથી ઓછી છે. કિલ્લાની દીવાલો ફરતી ૧૯ મીટર પહોળી ખાઈ હતી. કિલ્લાની પ્રત્યેક ખૂણે બૂરજો પર ચોખંડીનો રચના કરેલી હતી,જે ફિરંગીઓના



બાંધકામની ખાસીયત મનાતી. બૂરજની ટોચથી ભૂમિ સુધીની કુલ ઉંચાઈ ૨૧ મીટર હતી. કિલ્લાના રક્ષણ માટે બૂરજો અને દીવાલ ઉપર તોપો રહેતી. જહોન કેયર ઈ.સ.૧૬૭૪–૭૫માં જયારે સુરત આવેલો ત્યારે એણે કિલ્લાને ખાઈને જોડતો એક ઉંચકી શકાય તેવો પુલ (ડ્રો–બ્રિજ)જોયો હતો. કિલ્લાના બાંધકામને રોકવા ફિરંગીઓ ખૂબજ પ્રયત્નો કર્યા હતા. કિલ્લો ખૂબજ મજબૂત રીતે રચાયેલો હતો. એના બાંધકામમાં પથ્થરોને લોખંડના પાટાથી જકડીને સાંધામાં સીસું રેડેલું હતું. મુઘલ બાદશાહ અકદરને ઈ.સ. ૧૫૭૩માં આ કિલ્લો લેતાં એક માસ અને ૧૭ દિવસ લાગેલા.

કિલ્લો ઈ.સ. ૧૫૭૩ના ફેબ્રુઆરી માસની ૨૬મી તારીખે મુઘલ શહેનશાહ અકબર પાસે આવ્યો. કિલ્લા ઉપર મુઘલ વાવટો ફરકયો. પછીથી વહીવટના હેતુથી કિલ્લાનો અને શહેરનો એમ બે ગર્વનર નિમાતા, જે અનુક્રમે 'કિલ્લેદાર' અને 'મૃત્સદી' કહેવાતા. સુરત બંદરનું જકાતનાકું કિલ્લા સાથે જોડાયેલું હતું. જે હાલમાં ફુરજો છે ત્યાં હતું. જિલ્લાભરનું મહેસૂલ પણ આ કિલ્લામાં એકત્રિત થતું.

ઈ.સ. ૧૭૫૯માં  સુરતના કિલ્લા ઉપર અંગ્રેજોની સત્તા સ્થપાય. હાલમાં આ પ્રસિધ્ધ કિલ્લામાં કેટલીક સરકારી ઓફિસો આવેલી છે.

TOP

## સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાનનાં ૫૦ માં વર્ષમાં પ્રવેશ

વિન્ચેસ્ટર મ્યુઝિયમ થી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ સુધી (૬–૫–૧૯૫૬ થી ૬–૫–૨૦૦૫)

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન ઐતિહાસિક મહાનગર સુરતમાં ચોક બજાર મુકામે આવેલું છે. જે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. મૂળ વિન્ચેસ્ટર મ્યુઝિયમ તરીકે ઓળખાતા આ સંગ્રહસ્થાનની સ્થાપના તારીખ ૧–૨–૧૮૯૦ નાં રોજ ગાંધીબાગ કે જે તે વેળા રાણીબાગ તરીકે ઓળખાતા મકકાઈપુલ તરફના છેડે નાનકડા મકાનમાં થઈ હતી.



સને ૧૯૫૨માં સુરત બરો મ્યુનિસિપાલટીએ પોતાની શતાબ્દી ઉજવી ત્યારબાદ ઘણી કલાકૃતિઓ એકત્ર કરવા માંડતા મ્યુઝિયમ માટે આર.સી.સી.નું મકાન બાંધવામાં આવ્યું, જે પૂર્ણ થતાં મ્યુઝીયમનું નવા મકાનમાં તા.૬–૫–૧૯૫૬ના રોજ સ્થળાંતર કરવામાં આવ્યું અને ત્યારબાદ મ્યુઝિયમનું નામ આપણાં લોકલાડીલા વજ પુરુષનાં નામ ઉપરથી સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન રાખવામાં આવ્યું.વખતોવખત આ મ્યુઝિયમમાં કલાકૃતિઓનો વધારો થતો ગયો. હાલમાં મ્યુઝિયમમાં આશરે ૧૨,૦૦૦ જેટલી કલાકૃતિઓ સંગ્રહિત કરવામાં આવેલ છે. જેવા કે તાંબા–પિત્તળના વાસણો, પોર્સિલીન, કાચકામ, હાથીદાંત, સુખડ કામ, ચિત્રકળા, પ્રાચીન પુસ્તકો, કોતરણી કામવાળા કબાટ, પોટરી, મોતીકામવાળા વસ્ત્રો, દરિયાઈ નમુનાઓ, સ્ટર્ફડ પક્ષીઓ, તેમજ ભારતીય ટાપાલ ટિકીટો, જુના ચલણી સિકકાઓ, હસ્ત લિખિત પુસ્તકો, ઘરેણાં વિગેરે વિગેરે વિવિધ પ્રકારની કલાકૃતિઓ જે તે અલગ અલગ વિભાગમાં પ્રદર્શિત કરેલ છે. આ કલાકૃતિઓ ખાસ કરીને ૧૬ થી ૨૦ મી સદીની છે.

તા. ૬–૫–૨૦૦૫નાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ૫૦માં વર્ષમાં પ્રવેશ કરી રહયું છે. જેના ભાગરૂપે કાંગરા શૈલીનાં લઘુચિત્રોનું પ્રદર્શન સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં યોજવામાં આવ્યું છે. સને ૧૯૫૬માં જયારે મ્યુઝિયમનું સ્થળાતંર થયું ત્યારે આ ૨૮૭ જેટલા આ લઘુચિત્રો આ લઘુચિત્રોનું માજીમેયર સ્વ.શ્રી નવીનચંદ્ર ભરતીયા નાં હસ્તે મ્યુઝિયમને દાનમાં આપ્યા હતાં. તા.૬–૫–૨૦૦૫ થી ૫–૫–૨૦૦૬ સુધી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારનાં નામી પ્રદર્શનોનું આયોજન દર બે માસના અંતરે કરવાનું આયોજન છે. તદ્ઉપરાંત ચાલુ વર્ષ સુરત મહાનગરપાલિકા શહેર વિકાસ વર્ષ ૨૦૦૫ ઉજવી રહયું છે. જેના અંર્તગત એક કંપોઝીટ પ્રોજેકટ રૂપે મ્યુઝિયમ, સાયન્સ સેન્ટર, આર્ટ ગેલેરી અને પ્લેનેટેરિયમ જેવા પ્રકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનું બાંધકામ પણ ટુંક સમયમાં શરૂ થનાર છે.



મ્યુઝિયમ એ સમાજ અને સંસ્કૃતિના પ્રતિબિંબ સમાન છે. મ્યુઝિયમ એ આપણો સાંસ્કૃતિક વારસો છે. અને એ વારસાને જાળવવો આપણી ફરજ છે. સુરત મહાનગરપાલિકા એ એક જ એવી મહાનગરપાલિકા છે જે લોકોના હિતાર્થે મ્યુઝિયમમાં અમુલ્ય કલાકૃતિઓને જાળવીને લોકોને તેનો વિનામુલ્યે લાભ આપે છે.

ઉપરોકત પ્રદર્શન તા.૬–૫–૨૦૦૫ નાં રોજ મા. મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણ નાં વરદ્ હસ્તે સવારે ૧૦–૦૦ કલાકે ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ પ્રદર્શન જાહેર જનતા નીચ જણાવેલ સમય દરમ્યાન નિહાળી શકશે.

| | |
|---|---|
| બુધવાર થી શનિવાર | – સવારે ૧૧.૧૫ થી ૧.૪૫ |
| | – બપોરે ૨.૪૫ થી ૫.૪૫ |
| રવિવાર અને મંગળવાર | – બપોરે ૨.૪૫ થી ૫.૪૫ |
| સોમવાર | – અઠવાડીક રજા તથા જાહેર તહેવાર નિમિત્તે બંધ રાખવામાં આવે છે. |

TOP